### કરમસદ - આણંદ મહાનગરપાલિકાના ગત નાણાકીય વર્ષના અંદાજ કરતા 5 .66 ટકાનો જોગવાઈમાં વધારો થયો

# કરમસદ-આણંદ મનપાનું 1115 .05 કરોડનું ‘ વિકાસલક્ષી ’ બજેટ

**ફ્લાય ઓવર,** સ્માર્ટ લાઈબ્રેરી અને ઓક્સિજન પાર્ક જેવા આધુનિક પ્રકલ્પો પર ભાર


(પ્રતિનિધિ) આણંદ તા.16

કરમસદ - આણંદ મનપાના કમિશનર મિલિંદ બાપના દ્વારા નાણાકીય વર્ષ 2026-27 માટે રૂપિયા 1115.05 કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે. મનપાના વહીવટદાર અને કલેક્ટર પ્રવીણ ચૌધરી સમક્ષ રજૂ કરાયેલા આ બજેટમાં સૌથી રાહતની વાત એ છે કે, શહેરીજનો પર કોઈ નવો કરબોજ નાખવામાં આવ્યો નથી. ગત વર્ષની સરખામણીએ બજેટના કદમાં 5.66 ટકાનો વધારો કરી શહેરના સર્વાંગી વિકાસની નેમ વ્યક્ત કરવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપાનું આ બજેટ પાયાની સુવિધાઓની સાથે આધુનિક માળખાગત સુવિધાઓ પર કેન્દ્રિત છે. બજેટમાં નીચે મુજબના કાર્યોને



પ્રાધાન્ય અપાયું છે. જેમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે ફ્લાય ઓવર બ્રિજનું આયોજન, શહેરમાં ઓક્સિજન પાર્ક, સિનિયર સિટીઝન પાર્ક, યોગા સેન્ટર અને ઓપન જીમની સુવિધા, વાંચન પ્રેમીઓ માટે સ્માર્ટ લાઈબ્રેરી અને સામાજિક પ્રસંગો માટે કોમ્યુનિટી હોલ, શુદ્ધ ખોરાકની ચકાસણી માટે ફૂડ લેબોરેટરીની સ્થાપના, નવી પાણીની ટાંકીઓ, વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને પાઈપલાઈનનું નેટવર્ક મજબૂત કરાશે. મનપામાં વર્ષ 2025-26માં રેવન્યુ બચત જોવા મળી છે, જેનો ઉપયોગ વિકાસલક્ષી (કેપિટલ) કામોમાં થયો હોવાનું જણાય છે. ચાલુ વર્ષનું 1115.05 કરોડનું બજેટ ગત વર્ષના અંદાજો કરતા 5.66 ટકા વધુ હોવાથી વિકાસની ગતિ તેજ બનશે.







### ધારાસભ્યના 19 સૂચનોનો સમાવેશ કરાયો

આણંદના ધારાસભ્ય યોગેશભાઈ પટેલે આવકારતા જણાવ્યું હતું કે, આણંદના જન પ્રતિનિધિઓની માંગણીઓ સંતોષવામાં આવી છે અને શહેરના સર્વાંગી વિકાસ માટે તેમણે સૂચવેલા 19 જેટલા મહત્વના વિકાસકામો માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે. આણંદના ઐતિહાસિક ગોયા તળાવને અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટની તર્જ પર વિકસાવવું, એપીસી સર્કલ, અટલચોક અને ભાઈકાકા સર્કલ પર નવા ઓવરબ્રિજ બનાવવા, તેમજ 200 કિમીની નવી ગટર લાઈન, સીસીટીવી કેમેરા અને શુદ્ધ પીવાના પાણીની ટાંકીઓ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, મહાનગરપાલિકામાં સમાવિષ્ટ લાંભવેલ, ગામડી, મોગરી અને બાકરોલ જેવા વિસ્તારોના વિકાસને પણ આ બજેટમાં વણી લેવાયો છે.

### બજેટમાં પ્રાથમિક તમામ સુવિધાઓને આવરી લેવામાં આવી છે

‘આ બજેટમાં મહાનગરપાલિકા દ્વારા સતત બીજા વર્ષે પણ કોઈ કર અને દરમાં કોઈપણ પ્રકારનો વધારો કરવામાં આવ્યો નથી. મનપાનું આ બજેટ કરમસદ-આણંદ મહાનગરપાલિકાના તમામ વિસ્તારોના સર્વાંગી વિકાસના દ્વાર ખોલશે. આ બજેટ ખૂબ જ ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને બનાવવામાં આવ્યું છે, જેમાં પાણી, ગટર, રસ્તાનું કામ તથા લોકોની અપેક્ષાઓ હોય છે તે તમામ સુવિધાઓ આવરી લેવામાં આવી છે. મનપા વિસ્તારમાં રહેતા તમામ નગરજનોની લાગણી અને માંગણીઓ સંતોષનારૂ આ બજેટ કમિશનર દ્વારા રજુ કરવામાં આવ્યું છે.’ **- પ્રવિણ ચૌધરી, વહિવટદાર, મહાનગરપાલિકા.**

### સિટી બસ અને ડેવલપમેન્ટ પ્લાન તૈયારી થશે

કરમસદ - આણંદ મનપાના બજેટ રજૂ કરતાં સમયે કેટલીક પ્રાથમિક સુવિધાને લઇ પ્રશ્નો ઉઠ્યાં હતાં. જેમાં વહીવટદાર પ્રવિણ ચૌધરીએ સ્પષ્ટતા કરી હતી કે સિટી બસ અંગે એસટી નિગમ સાથે ચર્ચા ચાલી રહી છે. આગામી ટુંક સમયમાં જ પાંચેક બસ ફાળવવામાં આવશે. જે રેલવે સ્ટેશનથી વિદ્યાનગર સુધી દોડશે. જેથી વિદ્યાર્થીઓને ફાયદો થશે. તેવી જ રીતે વરસોથી ડેવલપમેન્ટ પ્લાન્ટને લઇ માંગણી ઉઠી છે. પરંતુ વિસ્તાર બદલાતાં હવે આણંદ, વિદ્યાનગર, કરમસદ પાલિકા ઉપરાંત ચાર ગામનો સમાવેશ કરી નવો ડેવલપમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવી રહ્યો છે. જે દોઢેક મહિનામાં સરકારમાં મોકલી આપવામાં આવશે. આ પ્લાનમાં રિંગરોડની દરખાસ્ત કરવામાં આવશે.

# ઉમરેઠમાં 2.42 લાખ મતદાર 306 મતદાન મથકો પર મતદાન કરશે

**ઉમરેઠ** વિધાનસભામાં આચાર સંહિતાનો અમલ , રાજકીય પક્ષોના બેનર/હોર્ડિંગ્સ ઉતારવાનુ શરૂ

(પ્રતિનિધિ) આણંદ તા 16

ઉમરેઠ વિધાનસભાના ધારાસભ્ય ગોવિંદભાઈ રાઈજીભાઈ પરમારના અવસાનને કારણે ખાલી પડેલી બેઠક પર પેટા ચૂંટણી યોજાશે. આણંદ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રવીણ ચૌધરીએ જણાવ્યું હતુ કે, દેશના વિવિધ રાજ્યની ખાલી પડેલી વિધાનસભા બેઠકો માટે પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી છે. જે અનુસાર 23મી એપ્રિલના રોજ ઉમરેઠ વિધાનસભાની બેઠક માટે મતદાન યોજાશે. આ ચૂંટણી મુકત, ન્યાયી અને પારદર્શક વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીની આદર્શ આચારસંહિતાનું સબંધિત વિધાનસભા વિસ્તારમાં ચૂસ્તપણે પાલન કરવામાં આવશે તેમજ સંપૂર્ણ પારદર્શકતા સાથે ચૂંટણી પ્રક્રિયા યોજાશે.

ચૂંટણી અધિકારીએ ચૂંટણી પંચની આદર્શ આચારસંહિતાની વિગતો આપતાં જણાવ્યું હતું કે, આચાર સંહિતા અમલી બનતા જ સબંધિત વિધાનસભા વિસ્તારમાં વિવિધ સ્થળે લગાવેલ રાજકીય પક્ષોના બેનર/હોર્ડિંગ્સ ઉતારી લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. તેમણે મતદારોની વિગતો આપતા જણાવ્યું હતુ કે, ઉમરેઠ વિધાનસભામાં કુલ 2,42836 મતદારો નોંધાયેલા છે તે પૈકી 10,05,990 પુરુષ મતદારો તેમજ 1,00,909મહિલા મતદારો નોંધાયા છે.

તેમણે વધુમાં કહયું હતું કે, પેટા ચૂંટણી માટે કુલ 306 મતદાન મથકો રાખવામાં આવ્યા છે. આ ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શક અને વિશ્વસનીય મતદાન સુનિશ્ચિત થઈ શકે તેથી તમામ મતદાન મથકો પર ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન EVM અને VVPAT નો ઉપયોગ કરવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારીએ ચૂંટણી સબંધિત અન્ય જાણકારી આપતા જણાવ્યુ હતુ કે, આ પ્રક્રિયામાં ચૂંટણી ખર્ચ પર દેખરેખ અને નિયંત્રણ માટે નોડલ અધિકારી તરીકે નાયબ જિલ્લા વિકાસ અધિકારી(મહેકમ) ની નિમણૂંક કરવામાં આવી છે. જ્યારે વિધાનસભા મતવિસ્તાર માટે કુલ ત્રણ એફ.એસ.ટી., એસ.એસ.ટી., વી.એસ.ટી. અને વી.વી.ટી ટીમો કાર્યરત કરવામાં આવી છે. ચૂંટણી સબંધિત કોઈપણ પ્રકારની ફરિયાદ માટે ટોલ ફ્રી નંબર 1800 425 2560પર સંપર્ક કરી ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી સંબંધીત ફરિયાદ કરી શકાશે.

## ઉમરેઠ નજીક બાઈક સ્લીપ થતાં એકનું મોત

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.16

ઉમરેઠ તાલુકાના બાજીપુરા ગામે જૂની પોસ્ટ પાછળ રહેતા મહેશભાઈ ભરતભાઈ પરમાર રવિવારે સવારે નવ વાગ્યાની આસપાસ તેમના મિત્ર સંજયભાઈ અશોકભાઈ ચૌહાણ સાથે ડાકોર ગયા હતા. સાંજના આશરે સાડા સાત વાગ્યાના સુમારે બંને મિત્રો બાઈક પર પરત આવી રહ્યા હતા, ત્યારે સુરેલી-ભરોડા રોડ પર જીઈબી નજીક અચાનક બાઈક સ્લીપ ખાઈ ગયું હતું. બાઈક સ્લીપ થવાને કારણે બંને મિત્રો રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં મહેશભાઈ પરમારને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું પ્રાણપંખેરુ ઉડી ગયું હતું, જ્યારે બાઈક ચલાવી રહેલા સંજયભાઈને પણ ઈજાઓ પહોંચી હતી. આ બનાવને પગલે બાજીપુરા ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે.

### વસોની પેટલી પ્રાથમિક શાળામાં આચાર્ય-શિક્ષકો વચ્ચેનો વિવાદ વકર્યો

# પેટલી પ્રાથમિક શાળામાં 7 સભ્યની ટીમ દ્વારા ઉચ્ચસ્તરીય તપાસ શરૂ

**આર્થિક ગેરરીતિ** અને શૈક્ષણિક બેદરકારીના આક્ષેપો વચ્ચે તપાસનો ધમધમાટ

(પ્રતિનિધિ) નડિયાદ તા.16

વસો તાલુકાની પેટલી પ્રાથમિક શાળામાં આચાર્ય અને શિક્ષકો વચ્ચે ચાલી રહેલો આંતરિક વિવાદ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. આચાર્ય નરેન્દ્ર પટેલ સામે શિક્ષકોએ કરેલા ગંભીર આક્ષેપોને પગલે જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું, જેના આધારે પ્રાથમિક શિક્ષણ વિભાગની ટીમે શાળામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

ખેડા જિલ્લાના નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.બી. ડાભીની આગેવાની હેઠળની 7 સભ્યોની તપાસ ટીમમાં વસો અને નડિયાદના ટીપીઓ, સીઆરસી કોઓર્ડિનેટર અને મહિલા પ્રતિનિધિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમે શાળાના તમામ રેકોર્ડ કબજે કરી આચાર્ય અને ફરિયાદી શિક્ષકોના નિવેદનો નોંધવાની પ્રક્રિયા હાથ ધરી છે.

આ તપાસ દરમિયાન માત્ર વહીવટી જ નહીં, પણ વિદ્યાર્થીઓના અભ્યાસ પર પડતી અસર અને શૈક્ષણિક બેદરકારીના પાસાઓની પણ ચકાસણી થઈ રહી છે. આ શાળામાં સફાઈ માટે આવતી સરકારી ગ્રાન્ટના ઉપયોગ સામે સવાલો ઉઠ્યા છે.

આ ઉપરાંત, પ્રવાસ માટે વાલીઓ પાસેથી ઉઘરાવવામાં આવેલા રૂ. 900ના હિસાબમાં પણ ગેરરીતિ હોવાના આક્ષેપો થતા તપાસની તે દિશામાં લંબાવવામાં આવી છે.

આ અંગે તપાસ અધિકારીએ જણાવ્યું હતું કે, જો કોઈ પણ સ્તરે કચાસ જણાશે તો મુંબઈ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ અને આરટીઈ એક્ટ-2009 હેઠળ કડક શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

## નડિયાદમાં ગેસના બાટલા ચોરનારો શખ્સ ઝડપાયો

**પીજ ભાગોળ** વિસ્તારમાં શ્રીજી હોલના ગોડાઉનમાંથી ચોરી કરી હતી

(પ્રતિનિધિ) નડિયાદ તા.16

નડિયાદ શહેરના પીજ ભાગોળ પાસે આવેલા શ્રીજી હોલના ગોડાઉનમાંથી થોડા દિવસો પૂર્વે થયેલી કોમર્શીયલ ગેસના બાટલાની ચોરીમાં એક શખસની ધરપકડ કરાઈ છે.

નડિયાદના શ્રીજી હોલના ગોડાઉનને નિશાન બનાવી તસ્કરોએ કોમર્શીયલ ગેસના બાટલાઓની ચોરી કરી હતી, જે અંગે નડિયાદ ટાઉન પોલીસ મથકે ગુનો દાખલ થયો હતો. ખેડા એલસીબીની ટીમ તપાસમાં હતી ત્યારે બાતમી મળી હતી કે સાંથ બજારમાં રહેતા સાગર કાળીદાસ ધોબીએ ચોરીનો જથ્થો છુપાવ્યો છે. આથી, પોલીસે તાત્કાલિક દરોડો પાડી ઘરની બાજુમાં આવેલા છાપરામાંથી ભારત ગેસ સહિતની વિવિધ કંપનીના 16 નંગ કોમર્શીયલ બાટલા મળી આવ્યા હતા.

આ અંગે પોલીસની પૂછપરછમાં સાગર ધોબીએ કબૂલાત કરી હતી કે તેણે આશરે 10 દિવસ પૂર્વે આ ચોરી કરી હતી. પોલીસે અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે. આમ વણશોધાયેલા ગુનાનો ભેદ ઉકેલાયો છે અને આરોપી અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલો છે કે કેમ તે અંગે તપાસ ચાલુ છે.

# લસુન્દ્રામાં પાટીદાર સમાજની દીકરીને પરત લાવવા માટે આગેવાનોના ધામા

**રબારી** યુવક સાથે પ્રેમ લગ્ન બાદ પાસ અને એસપીજીના નેતાઓની લસુન્દ્રા દોડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.16

ખેડા જિલ્લાના લસુન્દ્રા ગામની 19 વર્ષીય પાટીદાર યુવતીએ રબારી સમાજના યુવક સાથે પરિવારની મરજી વિરુદ્ધ લગ્ન કરી લેતા પંથકમાં ભારે ઉત્તેજના વ્યાપી છે. આ બનાવને પગલે સામાજિક વાતાવરણ ડહોળાય નહીં તે માટે પાટીદાર અને રબારી સમાજના અગ્રણીઓએ મધ્યસ્થી શરૂ કરી છે. દીકરીને સુરક્ષિત પરત લાવવા માટે વિવિધ સંગઠનોના



આગેવાનોએ લસુન્દ્રા પહોંચીને કવાયત હાથ ધરી છે.

લસુન્દ્રા ગામની પાટીદાર યુવતીએ લગ્ન કર્યા હોવાની વિગતો બહાર આવતા જ પાસ અને સરદાર પટેલ ગ્રુપના અગ્રણીઓ વરુણ પટેલ, દિનેશ બાંભણીયા અને પૂર્વિન પટેલ લસુન્દ્રા દોડી આવ્યા હતા. યુવતીની માતાએ સોશિયલ મીડિયા પર એક વિડિયો સંદેશ દ્વારા રબારી સમાજના વડીલોને પોતાની દીકરી સોંપી દેવા કરુણ વિનંતી કરી છે. આ પરિવારનો આક્ષેપ છે કે, દીકરીનું વર્તન ક્યારેય શંકાસ્પદ નહોતું, તેથી તેની સાથે છેતરપિંડી કે માલમિલકત હડપવાના ઈરાદે તેને ભોળવવામાં આવી હોવાની આશંકા છે.

સામાજિક સુલેહ જળવાઈ રહે તે માટે દિનેશ બાંભણીયાએ સામે પક્ષના આગેવાનો સાથે વાતચીત શરૂ કરી છે. રબારી સમાજના અગ્રણીઓએ પણ હકારાત્મક અભિગમ અપનાવીને ઉકેલની ખાતરી આપી છે. પાટીદાર અગ્રણીઓ અત્યારે એ જ પ્રકારની સામાજિક શિસ્ત અને એકતાની અપેક્ષા રાખી રહ્યા છે જેવી ભૂતકાળમાં અન્ય કિસ્સાઓ વખતે જોવા મળી હતી. હાલમાં કાયદાકીય પ્રક્રિયા કરતા સામાજિક સૌહાર્દ જાળવીને દીકરીને રૂબરૂ લાવવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

## ઉમરેઠ નજીક બાઈક ટક્કરે ફતેપુરાના યુવકનું કરુણ મોત

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.16

ઉમરેઠના ફતેપુરા ગામે રહેતા અલ્પેશભાઈ અશોકભાઈ સોઢા પરમાર અને તેમના મિત્ર વિશાલભાઈ રમણભાઈ પરમાર સારસાની સત્યેન્દ્ર એફઆરબીસી પ્લાસ્ટિક કંપનીમાં નોકરી કરે છે. ગત ગુરુવારે સવારે સાત વાગ્યાના સુમારે બંને મિત્રો વિશાલભાઈનું બાઈક લઈને નોકરી પર જવા નીકળ્યા હતા. જ્યારે તેઓ રાસનોલ-કુંજરાવ રોડ પર વિહોત માતાના મંદિર નજીક કેનાલ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે સામેથી પુરઝડપે આવેલા એક બાઈક ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બંને મિત્રો રોડ પર પટકાતા શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત બાદ આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સારસા સીએચસી અને ત્યારબાદ વધુ સારવાર માટે નડિયાદની સંતરામ હોસ્પિટલ ખસેડ્યા હતા.

જોકે, વિશાલભાઈની હાલત ગંભીર જણાતા તેમને કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે અલ્પેશભાઈ પરમારની ફરિયાદના આધારે ખંભોળજ પોલીસે બાઈક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઓડમાં અમૂલ ડેરી દ્વારા અત્યાધુનિક ‘ સેક્સ્ડ સીમેન લેબોરેટરી ’નો પ્રારંભ

**વાર્ષિક** 1.4 મિલિયન સેક્સ્ડ સીમેન ડોઝનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવતી બે નવી લેબ કાર્યરત

(પ્રતિનિધિ) આણંદ તા.16

આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના દૂધાળા પશુઓની આનુવંશિક ક્ષમતાને અપગ્રેડ કરવાના એક મહત્વપૂર્ણ અભિયાનના ભાગરૂપે, અમૂલ ડેરી દ્વારા ઓડ સ્થિત સીમેન સ્ટેશન ખાતે ‘અમૂલ ગૌસત્વ’ અને ‘અમૂલ GE-NOVA’ સેક્સ્ડ સીમેન લેબોરેટરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. અમૂલ ડેરીના ચેરમેન શ્રી વિપુલસિંહ પરમારના વરદ હસ્તે આ લેબોરેટરીઓ ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે વાઈસ ચેરમેન વિજયભાઈ પટેલ, એ.બી.એસ.-યુ. એસ.એ.ના સીઓઓ જીમ-લો, અમૂલ ડેરીના એમડી ડો. અમિત વ્યાસ અને જી.સી.એમ.એમ. એફ.ના એમ.ડી. ડૉ. જયેન મહેતા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન અમૂલ ડેરીના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. અમિત વ્યાસે સંઘના 1952થી અત્યાર સુધીના પશુ સંવર્ધન ઈતિહાસ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, અમૂલે પ્રવાહી સીમેનના ઉત્પાદનથી શરૂઆત કરીને આજે આધુનિક આઈ.વી.એફ. (IVF) લેબ સુધીની જે પ્રગતિ કરી છે તે ગર્વ લેવા જેવી બાબત છે. અત્યાધુનિક ટેકનોલોજી અને ઉત્પાદન ક્ષમતા ઉદ્ઘાટન કરાયેલ બે લેબોરેટરીઓ પૈકી પ્રથમ ‘અમૂલ ગૌસત્વ સેક્સ્ડ સીમેન લેબ’ એનડીડીબીના સહયોગથી વિકસાવવામાં આવી છે. જ્યારે બીજી ‘અમૂલ જી-નોવા સેક્સ્ડ સીમેન લેબ’ અમેરિકાની એબીએચ જીનસ (ABS Genus) સાથેની ભાગીદારીમાં બનાવવામાં આવી છે, જે વાર્ષિક 0.7 મિલિયન ડોઝનું ઉત્પાદન કરશે. સમગ્ર સુવિધા દર વર્ષે કુલ ૧.૪ મિલિયન સેક્સ્ડ સીમેન ડોઝનું ઉત્પાદન કરવા માટે તૈયાર કરવામાં આવી છે.

અમૂલ સીમેન સ્ટેશન હાલમાં ‘એ-ગ્રેડ’ અને આઈ.એન.ઓ. 9001:2015 પ્રમાણિત છે. હાલમાં અમૂલ દ્વારા વાર્ષિક 10 મિલિયન પરંપરાગત ડોઝ અને 0.8



મિલિયન સેક્સ્ડ સીમેન ડોઝની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે. અમૂલ હાલમાં ભારતભરમાં વિવિધ સહકારી સંસ્થાઓ અને સરકારી એજન્સીઓને 6.5 મિલિયનથી વધુ ડોઝ વેચે છે. નવી ટેકનોલોજી દ્વારા ઉત્પાદિત સેક્સ્ડ સીમેન માત્ર અમૂલના દૂધ ઉત્પાદકોની જ નહીં, પરંતુ સમગ્ર ભારતની વધતી માંગને પૂર્ણ કરશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225